Accredited Grade "B" by NAAC

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પરીક્ષા વિભાગ-૨, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૩૪ , ૩૧૧

ઈ-મેઈલ : exam02@sauuni.ac.in

નં.પરીક્ષા/૦૨ /૧૪૪૩/૨૦૨૨ તા.૦૫/૦૫/૨૦૨૨

પરિપત્ર:-

વિષય : ૨૦૧૦ થી ૨૦૧૫ તેમજ માઈન્ડલોજીક્સના વિદ્યાર્થીઓના ઇન્ટર્નલ માર્ક મોકલવા બાબત.

સંદર્ભ :- માન.કુલપતિશ્રી દ્વારા તા.૨૬/૦૪/૨૦૨૨ ની મંજુર થયેલ નોંધ.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તેમજ અગાઉ જે કોલેજો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન હતી અને હાલ જે ભક્તકવિ નરસિંહ મેહતા યુનિવર્સિટીમાં કાર્યરત છે તેવી તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ઉપરોક્ત સંદર્ભદર્શિત નોંધ પર મળેલ માનનીય કુલપતિશ્રીનાં આદેશાનુસાર ૨૦૧૬ પહેલાનાં વિદ્યાર્થીઓ (૨૦૧૦ થી ૨૦૧૫ તેમજ માઈન્ડલોજીક્સ) કે જેઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અભ્યાસ પૂર્ણ કરવા વધુ એક છેલ્લી તક આપવામાં આવેલ હતી.

ઉપરોક્ત જુના કોર્ષનાં વિદ્યાર્થીઓની પરીક્ષાઓના અનુક્રમે તા.૧૦/૦૩/૨૦૨૨ (સેમેસ્ટર ૧-૩-૫) તથા તા.૨૨/૦૩/૨૦૨૨ (સેમેસ્ટર ૨-૪-૬) પૂર્ણ થતા તેઓના પરિણામ પણ જાહેર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સંદર્ભમાં નોંધમાં મળેલ આદેશાઅનુસાર આપની કોલેજનાં વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૫ દરમ્યાન જે વિદ્યાર્થીઓને આંતરિક ગુણમાં "A00" કે "Z00"(0) અથવા જે વિદ્યાર્થીઓએ થિયરી પરીક્ષામાં પાસ થયેલ છે પરંતુ આંતરિક ગુણના કારણે પરિણામમાં ફેઈલ (નાપાસ) જાહેર થયેલ છે, તેવા વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષા કોલેજ કક્ષાએથી લેવાની તેમજ વિષય નિષ્ણાંત તેમજ કોલેજનાં લેટરપેડમાં આચાર્યશ્રીનાં સહી-સિક્કા સાથે વિદ્યાર્થીની માર્ચ/એપ્રિલ-૨૦૨૨માં ઇસ્યુ થયેલ ઓરીજીનલ માર્કશીટ સાથે બંધ કવરમાં પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાં રૂબરૂ તથા પોસ્ટ મારફત દિવસ-30 ની અંદર મોકલી આપવાની રહેશે. અરજી સમય મર્યાદામાં આપેલ ન હોય તો તેના ઉપર કાર્યવાહી કરવામાં આવશે નહિ. જેની નોંધ લેવા વિનંતી.

**નીચે આપેલ કોષ્ટક મુજબ આંતરિક ગુણ મોકલી આપશો**

| ક્રમ | પરીક્ષાનું નામ | સીટ નંબર | વિષય | આંતરિક પરીક્ષાના જુના માર્કસ | આંતરિક પરીક્ષાના નવા માર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |

વિષય નિષ્ણાંતનું નામ અને સહી

આચાર્યશ્રીની સહી અને સ્ટેમ્પ

પરીક્ષા નિયામક

Dayanand Science College
Inward No. 254 Date 6/5/2022
File No. 26.07.04

પ્રતિ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ અને હાલ ભક્ત કવિ નરસિંહ મેહતા યુનિવર્સિટીમાં કાર્યરત છે તેવી તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.

**નકલ સાદર રવાના:-** માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-** પરીક્ષા વિભાગ-03 / પરીક્ષા કોમ્પ્યુટર વિભાગ